بسم اللہ الرحمن الرحیم نحمدہ و نصلی علی رسولہ الکریم وعلی عبدہ المسیح الموعود
لا الہ الا اللہ محمد رسول اللہ
دفتر مجلس انصار اللہ بھارت
Office Of The Majlis Ansarullah Bharat
Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA
Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com

نمبر/Ref ________ تاریخ/Date ________

# આંહઝરત સલ્લલ્લાહુ અલયહી વસલ્લમની અજોડ શુક્રગુઝારી (કૃતજ્ઞતા)

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُوْلُهُ أَمَّا بَعْدُ فَأَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۔ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ مٰلِكِ يَوْمِ الدِّيْنِ۔
إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِيْنُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ۔
صِرَاطَ الَّذِيْنَ أَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ۔

***સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝ.***
***તા. 07 ઓગસ્ટ 2026 સ્થળ: મસ્જિદ મુબારક, ઇસ્લામાબાદ (યુ.કે)***

તશહહુદ, તઆઉઝ, અને સુરાહ ફાતિહાની તિલાવત બાદ, હુઝુર અનવર અય્યદહુલ્લાહ તઆલાએ ફરમાવ્યું:

આંહઝરત સલ્લલ્લાહુ અલયહી વસલ્લમના શુક્રગુઝારી (કૃતજ્ઞતા)ના માપદંડ, આપ સ.અ.વ.ના અમલ અને ઇરશાદાત (ઉપદેશો)નો ઉલ્લેખ મેં જલ્સા પહેલા કર્યો હતો. આ જ સંદર્ભમાં હું આજે પણ વાત કરીશ. અલ્લાહ તઆલાના શુક્ર તરફ ધ્યાન દોરતા, આપે નાની-નાની વાત પર શુક્ર અદા કરવાની હિદાયત આપી. હઝરત અનસ બિન માલિક (રઝી.) બયાન કરે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે ફરમાવ્યું: ‘અલ્લાહ પોતાના બંદાની આ ક્રિયાથી ખુશ થાય છે કે જ્યારે તે (બંદો) કોઈ કોળિયો ખાય અથવા કોઈ ઘૂંટડો પીએ, તો તેના પર અલ્લાહની હમ્દ (પ્રશંસા) કરે.’

હઝરત આયશા (રઝી.) બયાન કરે છે કે એક દિવસ નબી સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ ઘરમાં પધાર્યા અને રોટલીનો એક ટુકડો પડેલો જોયો. આપે રોટલીનો ટુકડો ઉઠાવ્યો, સાફ કર્યો અને તેને ખાઈ લીધો. પછી ફરમાવ્યું: ‘હે આયશા! આદરણીય વસ્તુનો આદર કરો. જ્યારે આ રિઝ્કની ને’મત કોઈ કોમ પાસેથી ચાલી જાય છે, તો પછી તે તેમને પાછું નથી મળતું.’ આમ, આ આંહઝરત સલ્લલ્લાહુ અલયહી વસલ્લમનો અમલ હતો.

હુઝુર ફરમાવે છે: ‘જો આપણે પણ રિઝ્કમાં બરકત મેળવવાની ઇચ્છા રાખતા હોઈએ, તો આપણે પણ અલ્લાહ તઆલાની દરેક નાની વસ્તુ પર તેનો શુક્ર અદા કરવો જોઈએ.’

હઝરત ઇબ્ને અબ્બાસ (રઝી.) બયાન કરે છે કે ફતેહ મક્કાના દિવસે હુઝુર સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ હઝરત ઉમ્મે હાની (રઝી.)ના ઘરે પધાર્યા, આપને ભૂખ લાગી હતી. આપે પૂછયુ : ‘શું તમારા ઘરમાં

ખાવા માટે કોઈ વસ્તુ છે જેને અમે ખાઈએ?' તેમણે જણાવ્યું કે સૂકી રોટલીના ટુકડાઓ સિવાય મારી પાસે કંઈ નથી. મને આપને તે આપતા શરમ આવે છે. આપે ફરમાવ્યું, 'તે'જ લઈ આવો.' પછી આપે સૂકા રોટલીના ટુકડા પાણીમાં પલાળીને નરમ કર્યા. તે મીઠું લઈ આવો. આપે ફરમાવ્યું, 'શું કોઈ શાક છે?' તેઓએ કહ્યું, 'થોડું સરકો (વિનેગર)સિવાય કંઈ નથી.' આપે ફરમાવ્યું , 'તે'જ લઈ આવો.' આપે તેને પોતના ભોજનમાં રેડ્યું અને અલ્લાહ તઆલાની સ્તુતિ કરી અને ફરમાવ્યું, 'સરકો એક અદ્ભુત શાક છે. જે ઘરમાં સરકો હોય છે તે ગરીબ નથી.'

હુઝુર અનવરે ફરમાવ્યું કે આ આપ સ. અ. વ.ના કૃતજ્ઞતાના માપદંડ હતા. આપણે તે વિકસિત દેશોમાં રહીએ છીએ અને અલ્લાહ તઆલાના અસંખ્ય ને'મતોનો લાભ મેળવીએ છીએ, છતાં આપણે તેમના પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવતા નથી.

હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) ફરમાવે છે કે તમારા શરીર પર ક્યારેક ફાટેલું કપડું હોય, તો તમે રડવા લાગો છો અને કહો છો, 'આપણું કેટલું દુર્ભાગ્ય છે કે આપણી પાસે ફાટેલું કપડું પહેરવા માટે છે.' પરંતુ જ્યારે સહાબાઓને ફાટેલું કપડું મળતું, ત્યારે તેઓ અલ્લાહ તઆલા સમક્ષ માથું નમાવતા. તેઓ કહેતા, આપણા ખુદાએ આપણને કેટલું સુંદર કપડું આપ્યું છે.' જો ચાર દિવસ પછી તેમને સૂકી રોટલીનો ટુકડો પણ મળતો, તો તેમની આંખો ખુશીથી ચમકતી અને તેઓ કહેતા, 'અલહમદુલિલ્લાહ.'

હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) જમાઅતના લોકોને સંબોધતા ફરમાવે છે કે જ્યાં સુધી તમને આ એહસાસ પેદા ન થાય કે ખુદાએ તમને કયા હેતુ માટે પેદા કર્યા છે, ત્યાં સુધી તમારે શું કામ કરવું છે. ખુદાએ તમને એવી સ્થિતિમાં મૂક્યા છે કે તમારું હૃદય દરેક સમયે આનંદથી ભરેલું રહે અને તમારે દરેક સમયે સજાગ અને હોંશિયાર રહેવું જોઈએ. જો આ વસ્તુ તમારામાં જન્મે, તો તરત જ તમારામાં એવી શક્તિ આવશે કે ખોરાકની થોડી માત્રા પણ તમને કામ કરવા સક્ષમ બનાવશે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે આ એક એવો નુસ્ખો છે જેનો ઉપયોગ દરેક અહમદી અને ખાસ કરીને વાકફીને જિંદગીએ તેમના કૃતજ્ઞતાના સ્તરને વધારવા માટે કરવો જોઈએ. તે ખૂબ જ જરૂરી છે. તેવી જ રીતે, પોતાની પત્નીઓ અને બાળકોમાં આ ભાવના જગાડવી જરૂરી છે. કારણ કે વાકફીને જે હેતુ માટે પોતાને સમર્પિત કર્યા છે તે ખૂબ જ મહાન હેતુ છે અને એક મહાન હેતુ પ્રાપ્ત કરવા માટે, મહાન હેતુ પ્રાપ્ત કરનારાઓના ઉદાહરણો સામે હોવા જોઈએ.

જ્યારે આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાણી પીતા, ત્યારે તેઓ વાસણથી મોં હટાવીને ત્રણ શ્વાસમાં પાણી પીતા, દરેક શ્વાસે અલ્લાહની સ્તુતિ કરતા અને છેલ્લા શ્વાસે અલ્લાહનો આભાર માનતા.

હુઝુર અનવરે સહીહ બુખારીમાંથી હઝરત અબુ હુરેરાહ (રઝી)ની એક વિગતવાર રિવાયત સંભળાવી જેમાં તેઓ ભારે ભૂખ દરમિયાન રસ્તા બેઠા પસાર થતા લોકોને પવિત્ર કુરાનની આ આયતનો અર્થ પૂછતા હતા. જેમાં સવાલ ન કરનાર લોકોનો ખ્યાલ રાખવાનો હુકમ છે. હઝરત અબુ હુરેરાહ (રઝી)એ હઝરત અબુ બકર (રઝી) અને હઝરત ઉમર (રઝી)ને તેનો અર્થ પૂછ્યો, પરંતુ તેઓ હઝરત અબુ હુરેરાહ (રઝી)ની કેફિયત સમજી શક્યા નહીં. પરંતુ જ્યારે તેઓએ આંહઝરત (સ.અ.વ.)ને આ આયતનો અર્થ પૂછ્યો, ત્યારે આપ (સ.અ.વ.)

મુસ્કુરાયા અને ફરમાવ્યું, 'મારી પાછળ આવો.' પછી આંહઝરત (સ.અ.વ.)એ તેમને દૂધનો પ્યાલો આપ્યો અને તે દૂધના પ્યાલામાંથી અહલે સુફ્ફાએ તેમાંથી દૂધ પીધું, અને દૂધના નાના પ્યાલા પર એવી બરકત પડી કે બધા સંતુષ્ટ થઈ ગયા તો પણ તે પ્યાલામાં દૂધ બાકી રહ્યું. તે પછી, આંહઝરત (સ.અ.વ.) એ દૂધનો પ્યાલો લીધો અને પહેલા અલ્લાહનો આભાર માન્યો અને પછી બાકી રહેલું દૂધ પીધું.

આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હંમેશા પોતાના ઉપકારીઓને યાદ રાખતા અને તેમના વિશે ખૂબ ઉમદા રંગમાં વાત કરતા. ઉદાહરણ તરીકે, તેઓ હંમેશા હઝરત ખાદીજા (રઝી)નો ઉલ્લેખ કરતા. તેવી જ રીતે, હંમેશા હઝરત અબુ બકરનું ખૂબ જ સારી રીતે વાત કરતા.

જ્યારે મુસ્લિમો પર અત્યાચારો થયા, ત્યારે તેઓએ હબ્શા તરફ હિજરત કરી અને હબ્શાના રાજા, નજાશિએ તેમને આશ્રય આપ્યો. અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હંમેશા તે રાજાના આ અહેસાનને યાદ રાખતા અને દરેક પ્રસંગે તેનો ઉલ્લેખ કરતા.

ખૈબરના યુદ્ધ પછી, આંહઝરત (સ.અ.વ.)ના લગ્ન રસ્તામાં હઝરત સૂફિયા (રઝી) સાથે થયા. લગ્નની રાત્રે, હઝરત અબુ અય્યુબ ખાલિદ બિન ઝૈદે આખી રાત આપ (સ.અ.વ.)ના તંબુની બહાર પહેરો આપ્યો. સવારે જ્યારે આપ (સ.અ.વ.) જાગ્યા અને તેમને રક્ષા કરતા જોયા, ત્યારે તેમની ઇમાનદારી જોઈને આપે તેમને દુઆ આપી, 'હે અલ્લાહ! અબુ અય્યુબની રક્ષા કરો જેમ તેમણે આખી રાત મારી રક્ષા કરી.'

હઝરત અમ્રો બિન અખ્તબ બયાન કરે છે કે એક વાર રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પણી માંગ્યું, હું તેમના માટે પણી લાવ્યો, તેમાં એક વાળ હતો, મેં તે વાળ કાઢી નાખ્યો. આપ (સ.અ.વ.)એ દુઆ આપી કે હે અલ્લાહ! તેને ખુબસુરત બનાવી દે.

હઝરત અનસ (રઝી) માટે આપ (સ.અ.વ.)એ સંપત્તિ અને સંતાનોમાં બરકતની દુઆ કરી, તો હઝરત અનસ (રઝી)એ કહ્યું કે મારી સંપત્તિ ખૂબ મોટી છે અને આજે મારા બાળકો અને પૌત્ર-પૌત્રીઓની સંખ્યા સો સુધી પહોંચી ગઈ છે.

આપ (સ. અ. વ.) નસિહત કરતાં ફરમાવે છે કે જે વ્યક્તિ પર ઉપકાર કરવામાં આવ્યો અને તેણે તેનો ઉલ્લેખ કર્યો  તો તેણે પોતાનો હક પૂર્ણ કર્યો, અને જે તેને છુપાવે છે તેણે તેની નાફરમાની દર્શાવી છે.

આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ભેટ સ્વીકારતા અને બદલામાં આપતા પણ હતા. ફરમાવ્યું: 'જેને ભેટ આપવામાં આવે, જો તે સક્ષમ હોય, તો તેણે ભેટનો બદલો આપવો જોઈએ અને જો શક્તિ ન હોય તો આપનારની પ્રશંસા કરવી જોઈએ.'

આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ રાત્રે નમઝમાં એટલા લાંબા સમય સુધી ઊભા રહેતા કે આપના પગ ફાટી જતાં (તેમાં સોજો આવી જતો) આ જોઈ હઝરત આયશા (રઝી)એ કહ્યું કે હે અલ્લાહના રસૂલ (સ. અ. વ.)! આપ આવું કેમ કરો છો ? જ્યારે અલ્લાહે આપને પહેલાના અને બાદના તમામ ગુનાહોથી સુરક્ષિત રાખ્યા છે. આપ સ. અ. વ. એ ફરમાવ્યું કે 'શું મને એ પસંદ નથી કે હું શુકરગુઝાર બંદો બની જાઉં.

આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ નમઝોમાં એટલું રડતાં અને ઊભા રહેતા કે આપના પગમાં સોજા આવી જતા, જ્યારે સહાબા (રઝી) એ  પૂછ્યું કે આપ (સ. અ. વ.) આટલી આજીજી અને વિનંતી કેમ કરો છો ? ત્યારે આપે ફરમાવ્યું કે તો શું હું મારા રબનો શુકરગુઝાર બંદો ન બનું.

હુઝુર અનવર અય્યદહુલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની આ સ્થિતિ આપણી પાસે અપેક્ષા રાખે છે કે આપણે અલ્લાહ તઆલાની ને'મતોનો આભાર માનતા રહીને આપણી કૃતજ્ઞતાને ચરમસીમા સુધી પહોંચાડીએ.  શુકરગુઝારી બેસી રહેવાનું નામ નથી શુકરગુઝારી આપણા કાર્યોમાં વધુ પ્રગતિની માંગ કરે છે. આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તક્વાના સર્વોચ્ચ સ્તર પર હતા. તેથી આપ (સ.અ.વ.)એ 'અબ્દે શકૂર' હોવાનું પણ સર્વોચ્ચ સ્તર પ્રાપ્ત કર્યું અને આપણને શિખામણ આપી કે જો અલ્લાહ તઆલાના સાચા બંદા હોવાનો હક અદા કરવો હોય તો તમે પણ 'અબ્દે શકૂર' બનો. જેમ જેમ અલ્લાહ તમારા પર પોતાની કૃપા વરસાવતો જાય, તેમ તેમ તમારી ઈબાદતના સ્તરને વધુ ઊચું કરો અને શુકરગુઝારી (આભાર વ્યક્ત) કરો.

ખુદા તઆલાના ફઝલોના પરિણામે આળસ ન હોવી જોઈએ, બલ્કે ઈબાદતના પરિણામે આગળ વધવો જોઈએ.

હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) એ એક જગ્યાએ ફરમાવ્યું છે કે અજ્ઞાની છે તે વ્યક્તિ જે કહે છે કે તમારી કૃપાએ મને ઘમંડી બનાવ્યો છે. એટલે કે, અલ્લાહ તઆલાની કૃપાએ મને કૃતજ્ઞ બનવાને બદલે ઘમંડી બનાવ્યો છે. ફરમાવ્યું કે ખુદા તઆલાનો ફઝલ માણસને ઘમંડી બનાવતો નથી, તે આ ખોટું કહે છે, અને તે તેને બળવાખોર બનાવતો નથી, પરંતુ તે તેને વધુ કૃતજ્ઞ અને આજ્ઞાકારી બનાવે છે. તો! તમારે પહેલા કરતાં વધુ આજ્ઞાકારી બનવું જોઈએ, કારણ કે અલ્લાહ તઆલા ફરમાવે છે 'તમને જે કંઈ આપવામાં આવ્યું છે, જો તમે તેના માટે કૃતજ્ઞ રહેશો, તો હું તમને વધુ આપીશ.'

અલ્લાહ તઆલા આપણને ખરેખર કૃતજ્ઞ અને સાચા અર્થમાં ઉપાસક બનાવે, અને આપણે હંમેશા તેમના ફઝલો પ્રાપ્તકર્તા બનીએ. આમીન

******

اَلْحَمْدُ لِلّٰہِ نَحْمَدُہٗ وَ نَسْتَعِیْنُہٗ وَ نَسْتَغْفِرُہٗ وَ نُؤْمِنُ بِہٖ وَ نَتَوَکَّلُ عَلَیْہِ وَ نَعُوْذُ بِاللّٰہِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَ مِنْ سَیِّئَاتِ اَعْمَالِنَا مَنْ یَّھْدِہِ اللّٰہُ فَلَا مُضِلَّ لَہٗ وَ مَنْ یُّضْلِلْہُ فَلَا ھَادِیَ لَہٗ وَ نَشْھَدُ اَنْ لَّآ اِلٰہَ اِلَّا اللّٰہُ وَ نَشْھَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُہٗ وَ رَسُوْلُہٗ عِبَادَ اللّٰہِ رَحِمَکُمُ اللّٰہُ اِنَّ اللّٰہَ یَأْمُرُ بِالْعَدْلِ وَ الْاِحْسَانِ وَ اِیْتَآءِ ذِی الْقُرْبٰی وَ یَنْھٰی عَنِ الْفَحْشَآءِ وَ الْمُنْکَرِ وَ الْبَغْیِ یَعِظُکُمْ لَعَلَّکُمْ تَذَکَّرُوْنَ اُذْکُرُوا اللّٰہَ یَذْکُرْکُمْ وَ ادْعُوْہُ یَسْتَجِبْ لَکُمْ وَ لَذِکْرُ اللّٰہِ اَکْبَرُ۔